સોમવાર, તા.૨૧મી એપ્રિલ, ૨૦૨૫

૨૨૧.જાહેર હિસાબ સમિતિની બેઠક

જાહેર હિસાબ સમિતિની બેઠક મંગળવાર, તા.૦૮/૦૪/૨૦૨૫ના રોજ મળી હતી. ઉક્ત બેઠકમાં સમિતિએ સૌ પ્રથમ એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ અને રાજકોટ સાથે કામગીરી ઓડિટ અહેવાલ સંબંધે આંતરિક ચર્ચા કરી હતી. ત્યારબાદ પાણી પુરવઠા પ્રભાગને સંબંધિત સન ૨૦૧૮–૧૯ના વિનિયોગ હિસાબોના અનુદાનોની તપાસ હાથ ધરી હતી અને બેઠક દરમિયાન માંગેલ વધારાની માહિતી સમિતિને મોકલી આપવાની શરતે ઉક્ત તપાસ પૂર્ણ કરી હતી. બેઠકના અંતભાગમાં સમિતિએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને સંબંધિત સન ૨૦૧૮–૧૯ના વિનિયોગ હિસાબોના અનુદાનોની તપાસ હાથ ધરી હતી અને બેઠક દરમિયાન માંગેલ વધારાની માહિતી સમિતિને મોકલી આપવાની શરતે ઉક્ત તપાસ પૂર્ણ કરી હતી.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

ચેતન પંડ્યા,
ઈન્ચાર્જ સચિવ,
ગુજરાત વિધાનસભા.